## ડાયરેક્ટ ❤ સે

સારા દિવસો
બેઠાં-બેઠાં
નથી આવતા
તેમને પામવા માટે
ખરાબ દિવસો સામે
લડવું પડે છે

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
મો. ૯૮૭૯૯ ૭૩૫૨૯



પ્રિયલ કે ગોર
મો. ૯૮૨૫૨ ૫૧૧૯૯

# રેડિયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ ૧૩મા ઈન્ટરનેશનલ ફેસ્ટિવલમાં





ગાંધીનગર, તા. ૧૨

ગત તા. ૮થી ૧૧ દરમિયાન સિટી મોન્ટેસરી સ્કૂલ, લખનૌ આયોજિત ૧૩મો મેથ્સ એન્ડ કમ્પ્યુટર સાયન્સ મેકફેર ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ લખનૌ ખાતે યોજાઈ ગયો હતો. જેમાં ભારત દેશના વિવિધ રાજ્યો અને ૭ જેટલા દેશોની ઘણી શાળાઓએ ભાગ લીધો હતો. કેબિનેટ મંત્રી ડૉ. રીતા બહુગુણા જોષી, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકાના પ્રતિનિધિઓ તેમજ રેડિયન્ટ સ્કૂલ જે બી વામજાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલી ગાણિતીક, કમ્પ્યુટર સાયન્સને લગતી શક્તિને પીછાણવા, તે શક્તિને બહાર લાવવા, આ બુદ્ધિશક્તિ કૌશલ્યનો ઉપયોગ વ્યક્તિગત વિકાસ, સમાજહિત, રાષ્ટ્રહિતમાં થાય એવા ઉમદા હેતુસર આવો સુંદર મજાનો એજ્યુકેશનલ ફેસ્ટિવલ દર વર્ષે યોજાય છે. ચાલુ વર્ષે આયોજિત ૧૩મા ઈન્ટરનેશનલ મેથ્સ મેકફેર ઈન્ટરનેશનલ ફેસ્ટિવલમાં ગુજરાત રાજ્યની ૪ શાળાઓએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં એપીજે અબ્દુલકલામ યંગ આર્ટીસ્ટ સેન્ટરના માધ્યમ થકી રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, ગાંધીનગરના કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજા, એકેડેમિક ડિરેક્ટર ધર્મેશ નાયક, ૩ વિદ્યાર્થી - રિદ્ધિ પટેલ, નૈતી પટેલ અને સમર્થ મિસ્ત્રીએ આ સ્પર્ધાત્મક ઈવેન્ટમાં ભાગ લઈ ઉમદા પ્રદર્શન કર્યું હતું. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારાએ શાળાને રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ ખુશી વ્યક્ત કરી ત્રણેય વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારી વિનયન કૉલેજમાં રિમોટ સેન્સિંગ અંગે વર્કશૉપ



ગાંધીનગર, તા. ૧૨

સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના ભૂગોળ વિભાગ દ્વારા "Remote Sensing and GIS" વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઈસરો ના વૈજ્ઞાનિક ડો. પી.એસ.ઠક્કર દ્વારા Remote Sensingના ઉપયોગ વિશે માહિતી આપી હતી. આ વર્કશોપમાં ભૂગોળ અર્થશાસ્ત્ર અને ઈતિહાસ ના વિષયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપનું આયોજન ડો. નિયતિ મિસ્ત્રી અને અને ટિમ દ્વારા કરવામાં આવ્યું હતું અને કોલેજના પ્રિન્સિપાલ હિમ્મત ભાલોડીયાએ હાજરી આપી હતી.

### સ્કૂલ ઑફ અચિવર, કુડાસણની

# પાંચ વિદ્યાર્થિનીઓ ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રૅકર્ડમાં



ગાંધીનગર, તા. ૧૨

ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રૅકર્ડમાં સ્કૂલ ઑફ અચિવર, કુડાસણની પાંચ વિદ્યાર્થિનીઓએ નામ નોંધાવ્યું છે.

હનિશા બથેજા, હેલી શાહ, દેવાંશી પટેલ, જીયા પટેલ અને જીલ કાકડીયા સ્કૂલ ઑફ અચિવરમાં અભ્યાસની સાથોસાથ રોલ-બૉલ સ્કેટિંગની જબરદસ્ત પ્રૅક્ટિસ કરે છે. ભાર્ગવ આયરના માર્ગદર્શન હેઠળ રાજ્યકક્ષા તથા રાષ્ટ્રકક્ષાએ વિજેતા બન્યા બાદ તેમણે વિશ્વસ્તરે પોતાની કાબેલિયત સાબિત કરવાનો સંકલ્પ કર્યો અને ગત મે માસમાં બેલગાંવ, કર્ણાટક ખાતે ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ ઈન્ડિયા તથા રોલ બૉલ ફેડરેશન ઑફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત ઈવેન્ટમાં સતત ચોવીસ કલાક રોલ બૉલ સ્કેટિંગ કરી આ રમત પર પોતાનું પ્રભુત્વ સિદ્ધ કર્યું છે. આ વિદ્યાર્થિનીઓને કલેક્ટરના વરદ હસ્તે ઈનામો, પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા

# શિક્ષકદિનના વિજેતા વિદ્યાર્થીઓ સન્માનાયા







ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરની તમામ શાળા-કોલેજોમાં ઉજવાયેલ શિક્ષકદિન નિમિત્તે જે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ શ્રેષ્ઠ શિક્ષક અને આચાર્ય તરીકે પ્રથમ રહ્યા હતા તે તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને શિલ્ડ આપી સન્માન કરવા માટે તાજેતરમાં શેઠશ્રી ખીમજી વિશરામ હૉલ ખાતે ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનના યજમાનપદે ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કડી સર્વ વિશ્વવિદ્યાલયની કૉલેજો તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાળાઓમાં જે વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામ્યા હતા તેમને પ્રમાણપત્ર અને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓ આચાર્ય તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમણે 'રાષ્ટ્રનિર્માણમાં શિક્ષકનું યોગદાન' વિષયે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. આ સન્માન સમારંભના મુખ્ય મહેમાન તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલ, જીસીઈઆરટી, ગાંધીનગરના ડિરેક્ટર પ્રૉ. ટી ઍસ જોષી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી અસ્મિતા ઝાલાએ કર્યું હતું.

# આત્મસ્થ મનુષ્યનું ઉદાહરણ એટલે મહાવીર સ્વામી



જૈનોના છેલ્લા (ચોવીસમા) તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ બિહારના પટણા પાસેના વૈશાલી નગરમાં જન્મેલા તેથી તેઓ ' વૈશાલિક ' ના નામે પણ જાણીતા છે . ભગવાન બુધ્ધને પણ આ વૈશાલી નગર પ્રિય હતું. સુર્યવંશી ક્ષત્રિય રાજા સિધ્ધાર્થ અને પટરાણી ત્રિશલાની કૂંખે જન્મ લેનારા આ કુંવરનું બાળપણનું નામ ' વર્ધમાન ' હતું. શરીરે ભરાવદાર, ઊંચા અને સુંદર દેખાતા આ રાજકુંવરમાં નાનપણથી જ શકિત, વીરત્વ એમના રોમેરોમમાં હતાં. જ્ઞાનક્ષેત્રમાં પણ તેઓ સદાય અગ્રેસર રહ્યાં. રાજારાણી બંને પાર્શ્વનાથ ભગવાનના ભકત. એટલે વર્ધમાનનો નાનપણથી જ ત્યાગ, તપસ્યા, વ્રત, સંકલ્પોવાળું સંયમશીલ અને ધર્મથી ભરપૂર વાતાવરણમાં ઉછેર થયેલો. નાનપણથી જ વૈરાગ્યપ્રિય અને સ્વ-ચિંતન કરતા હોવાથી સંન્યાસ એમના જીવનનું લક્ષ્ય હતું. પણ માતાના સંતોષાર્થે રાજપુત્રી યશોદા સાથે લગ્ન કર્યું. અને પ્રિયદર્શના નામની એક પુત્રી થઈ. માતાપિતાના અવસાન બાદ શરીર પર માત્ર એક વસ્ત્ર રાખી પોતાની સર્વ સંપતિનું દાન અને કેશલોચન કરી ત્રીસ વર્ષની ઉંમરે મહાવીરે સંસારનો ત્યાગ કરી કોઈના પર ક્રોધ ન કરવાનો અને ક્ષમાને પોતાનું જીવનવ્રત ગણવાના નિશ્ચય સાથે તપ કરવા ચાલી નીકળ્યા. ૧૨ વર્ષ સંયમી જીવનમાં તેઓ ખુલ્લા પગે અને નિર્વસ્ત્ર ફરતાં અને પોતાના ખોબામાં જેટલું આવે તેટલું જ ખાતા. આ બાર વર્ષમાં તેમણે નૈસર્ગિક વિટંબણાઓ, હિંસક પ્રાણીઓ તરફથી ભારે આપત્તિઓ, પરપીડનમાં આનંદ પામનારાઓ લોકો તેમને મારતા, ભૂખ્યા રાખતા, એમની ઉપર કુતરા છોડતા, સાધનામાં વિઘ્ન નાખતા પણ વર્ધમાન પરાક્રમી હોવા છતાં એમણે ક્રોધને જીત્યો અને શક્તિમાન છતાં ક્ષમાશીલ થયા, તેથી એમનું નામ ' મહાવીર ' પડ્યું. એમનું જીવન તપશ્ચર્યાનું ઉગ્રમાં ઉગ્ર સ્વરૂપ કેવું હોઈ શકે, સત્યને શોધવા માટે મુમુક્ષુની વ્યાકુળતા કેટલી તીવ્ર હોય, સત્ય, અહિંસા,ક્ષમા, દયા, જ્ઞાન અને યોગનો વ્યવસ્થિત ઉપયોગ તેમજ અપરિગ્રહ, શાંતિ, દમ, ઈત્યાદિ દૈવી ગુણોનો ઉત્કર્ષ કેટલે સુધી સાધી શકાય, તથા ચિત્તની શુદ્ધિ કેવા પ્રકારની થવી જોઈએ, એના ઉત્તમ દ્દષ્ટાંત રૂપે છે.

સર્પ અને વાઘ જેવા પ્રાણીઓ એમની અહિંસાવૃત્તિના પ્રભાવ તળે આવી વેરભાવ છોડી દેતા. તેમણે પાંચ વ્રતો ધારણ કાર્ય હતાં: ૧. જ્યાં બીજાને અપ્રીતિ થાય ત્યાં વસવું નહીં; ૨. જ્યાં રહેવું ત્યાં સદા કાયોત્સર્ગ કરીને રહેવું; ૩. સામાન્ય રીતે મૌન રાખવું; ૪. હાથમાં જ ભોજન કરવું; અને ૫. ગૃહસ્થનો વિનય કરવો. જ્યારે છ પ્રકારના બાહ્ય તપ જેવા કે ઉપવાસ, આહારમાં બે-ચાર કોળિયા ઊણા રહેવું, આજીવિકાનો નિયમ, રસત્યાગ, શીતોષ્ણોદિ સમવૃત્તિથી સહેવાં અને સ્થિરાસને રહેવું અને પ્રાયશ્ચિત, ધ્યાન, સેવા, વિનય, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય એ છ પ્રકારના અભ્યન્તર તપ કરવાનું તેમણે કહ્યું. તેઓ કહેતા કે જે વસ્ત્ર કે શૃંગાર જોનારના હૃદયને વિચલિત કરી એવાં વસ્ત્ર-શૃંગાર સભ્ય લોકોનાં નથી, સભ્યતા એજ વ્યક્તિની સાચી ઓળખ છે. તેમના અમૃત વચનો ખૂબ જ જાણીતા છે. એક વચનમાં તેમણે કીધું છે કે ' બીજાની સાથે એવો વ્યવહાર ક્યારેય ન કરો જે આપણને પણ ન ગમતો હોય. ' ભગવાન મહાવીરનું કહેવુ હતું કે કોઈ આત્માની સૌથી મોટી ભૂલ પોતાના અસલી રૂપને ન ઓળખવુ છે અને આ ફક્ત આત્મજ્ઞાન દ્વારા જ પ્રાપ્ત કરી શકાય.

પાર્શ્વનાથ ભગવાનના ચીલા પર ચાલતા તેમના સમયમાં પ્રચલિત સમાજ વ્યવસ્થા અનુસાર આધ્યાત્મના નિયમો રચી મહાવીર જૈનધર્મના પરિવર્તક, ઉદ્ધારક અને પ્રસારક રહ્યા. શોકમાંથી સમાધિ સર્જે તે 'કલ્પસૂત્ર' જૈનદર્શનનું મહાન શાસ્ત્ર જેમાં ચાર તીર્થંકરનાં જીવન ચરિત્રોનું કથન છે. મહાવીરે ' સામ્બર '— વસ્ત્ર સહિત અને વસ્ત્રોનો ત્યાગ કર્યો એટલે ' નિરમ્બર ' થયા. આને લીધે જૈનોમાં મહાવીરની ઉપાસનાના બે રીતે કરાય છે. જે વસ્ત્ર સહિત મહાવીરની ઉપાસના કરે છે તે શ્વેતાંબર અને જે નિવસ્ત્ર ઉપાસના કરે છે તે દિગંબર. ૭૨ વર્ષનીઉમરે, તેઓ બિહારના પાવાપુરીમાં દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા. આ દિવસે તેઓને મોક્ષ પ્રાપ્તિ થઈ હોવાથી જૈનો ઉસ્તવ મનાવે છે. એમના નિર્વાણ કાળથી જૈન લોકોની વીર સંવત ગણવામાં આવે છે. જે વિક્રમ સંવત કરતાં ૪૭૦ વર્ષ જુની છે.

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે વાલીમીટિંગ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની પ્રતિષ્ઠિત ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે પ્રથમ વર્ષ વિનયન અને વાણિજયની વિદ્યાર્થિનીઓના વાલીઓની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. આ કમિટીના ઈન્ચાર્જ ડૉ. કીર્તિકમલ વાઘેલાએ પ્રસ્તાવના આપી મિટિંગની શરૂઆત કરાવી હતી. કોલેજના આચાર્યશ્રી ડૉ. અમૃતાબહેને સૌનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ કોલેજના અધ્યાપકો દ્વારા અભ્યાસ, કોલેજમાં ચાલતી બૌદ્ધિક તેમજ સાંસ્કૃતિક પ્રવુત્તિઓ, N.C.C, N.S.S રમતગમત એકમો, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, નોકરીની તકો વગેરે વિદ્યાર્થિનીઓલક્ષી માહિતી આપવામાં આવી હતી. વાલીઓ પણ પોતાની સુપુત્રીઓને સારી શૈક્ષણિક સંસ્થામાં ભણવા તથા પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સંમતિ આપે અને પ્રોત્સાહિત કરે તેવો આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય હતો. જે માટે કેટલાક વાલીશ્રીઓએ સકારાત્મક પ્રતિભાવ આપ્યા હતા. કમિટીના સૌ સભ્યોના સહિયારા પ્રયાસ અને વાલીઓની સક્રિય સહભાગીદારીને કારણે આ કાર્યક્રમ સફળ રહ્યો.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલયમાં શિક્ષકદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે તાજેતરમાં માં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ -૧૨ ના વિદ્યાર્થી હર્ષ એ પ્રજાપતિએ આચાર્ય તરીકે દિવસનો કાર્યભાર સંભાળી ઉત્તમ કામગીરી કરી હતી. શાળાના શિક્ષકોએ શિક્ષકદિનની ઉજવણી માટે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓના પ્રતિભાવ મેળવ્યા હતા. શાળાનાં સંચાલક દક્ષાબેન સુથારે વિદ્યાર્થીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. સચિનભાઈ પટેલે અજિતસિંહ સોલંકીના માર્ગદર્શનમાં ઉત્સાહપૂર્વક સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

# એસ. વી. સ્કૂલમાં ઈંગ્લિશ રેસિટેશન





ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ઈંગ્લિશ રેસિટેશન કોમ્પિટિશન યોજાઈ ગઈ, જેમાં બાળકોએ પોતાની કાળીઘેલી બોલીમાં,ઈંગ્લિશ ભાષામાં વિવિધ કવિતાઓ એક્શન સાથે રજૂ કરી હતી. બાળકો પોતાની સાથે કવિતાને સંબંધિત વિવિધ વસ્તુઓ જેવી કે છત્રી, વિમાન, ટેડી બેર, ટ્રાફિક સિગ્નલ, બાર્બી ડોલ, સ્કૂલ બસ વગેરે લાવ્યા હતા. કાર્યક્રમનુ સફળ અને રસમય સંચાલન શિક્ષિકા સંજુ પટેલે કર્યુ હતું, જ્યારે જજ તરીકે ભાવિકા ઠાકર, રીટા પટેલ, કુંતલ શુકલ અને ખુશ્બુ મિસ્ત્રીએ સેવાઓ આપી હતી. બાળકોમાં ઈંગ્લિશ ભાષા પ્રત્યે રુચિ વધે,તેઓ આ ભાષા ઉપર પ્રભુત્વ મેળવે તેમજ તેમનો સ્ટેજ ફિયર દૂર થાય તે હેતુથી સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ જીજ્ઞા દર્પણ બુચના માર્ગદર્શન નીચે સંપન્ન થયો હતો.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થી પારલે-જી પ્લાન્ટની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગરની બીબીએ કૉલેજના ૧૨૫ વિદ્યાર્થીઓએ પારલે-જી પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. કંપનીની સ્થાપના નરોત્તમદાસ ચૌહાણ નામના શ્રેષ્ઠી દ્વારા ૧૯૨૯માં કરવામાં અવી હતી. હાલ કંપનીના ચેરમેન તરીકે પ્રકાશભાઈ ચૌહાણ કાર્યરત છે.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓને બે જુથોમાં વહેંચાઈ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતું. વિદ્યાર્થીઓનું ગ્રૂપ એક પછી એક વિવિધ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના ઍચ. આર. એક્ઝિક્યુટિવ તેમજ માર્કેટિંગના અધિકારી ભુપેન્દ્રભાઈ પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. અહીં બે પ્રકારના બિસ્કીટનું ઉત્પાદન અહીં કરવામાં આવે છે અને તેના માટે બે પ્લાન્ટ અલગ રીતે કાર્યરત છે. એક દિવસમાં ૬૦ લાખ બિસ્કીટના ઉત્પાદનની ક્ષમતા કંપની ધરાવે છે. કંપનીનું અંદાજીત વાર્ષિક ટર્નઓવર ૩૫૦૦ કરોડ જેટલું છે, જે કંપનીની વિસ્તૃતતા સૂચવે છે. મેલોડી, મેંગો બાઈટ, પોપીંસ, કીસ્મી ટોફી, મોનેકો, ક્રેકજેક, ફ્રૂટી, એપ્પી જેવી લોકપ્રિય પ્રોડક્ટ્સ કંપની દ્વારા માર્કેટમાં વેચાણ અર્થે મૂકવામાં આવેલ છે.

સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. વિદ્યાર્થીઓએ પચીસની સંખ્યા માં બે જુથોમાં વહેંચાઈને પ્લાન્ટની મુલાકાત કરી હતી તેમજ સંચાલનના સિદ્ધાંતોને આ પ્રકારના વ્યવસાયોમાં કઈ રીતે વ્યહવારુ રીતે અમલી બનાવી શકાય તેની તલસ્પર્શી માહિતી પ્રાપ્ત કરી હતી. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિ નાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિના ઈન-ચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ડો.નીરવ જોશી, પ્રો. પ્રીતેશ સોલંકી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.